સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ યાદીમાં સમાવિષ્ટ "કુંભાર" ના પર્યાયવાચી તરીકે "મારૂ કુંભાર" સમાજના લોકોને પ્રમાણપત્ર મેળવવામાં પડતી મૂશ્કેલીઓ દૂર કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક: સશપ/૧૨૨૦૧૪/૩૭૧૯૩૪(પા.ફ)/અ
સચિવાલય, ગાંધીનગર
તા.03/૦૫/૨૦૨૧

વંચાણે લીધા:

(1) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫/૦૭/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક સશપ-૧૧૯૪-૧૪૧૧-અ

પ્રસ્તાવના:

૧. વંચાણે લીધા ક્રમાંક (1) હેઠળના તા.૨૫/૦૭/૧૯૯૪ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ યાદીમાં ક્રમાંક:૯૯ ઉપર "કુંભાર" તથા તેની પેટા જાતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. મૂળે ગીર સોમનાથ જિલ્લાના કુંભાર જ્ઞાતિની જ એક શાખ "મારૂ કુંભાર" જાતિના કેટલાક અરજદારોને તેઓના દસ્તાવેજોમાં "મારૂ કુંભાર" દર્શાવેલ હોવાના કારણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં મૂશ્કેલી પડતી હોવા અંગેની રજૂઆતો મળેલ હતી. જેના અનુસંધાને "મારૂ કુંભાર" જાતિના અરજદારોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી મૂશ્કેલી દૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ યાદીમાં ક્રમાંક:૯૯ ઉપર સમાવિષ્ટ "કુંભાર" જાતિના મૂળે ગીર સોમનાથ જિલ્લાના અરજદારોના માન્ય દસ્તાવેજોમાં "મારૂ કુંભાર" દર્શાવેલ હોય તો પણ અન્ય વિગતો ચકાસીને સક્ષમ સત્તાધિકારીઓએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. મૂળે ગીર સોમનાથ જિલ્લાના પરંતું સ્થળાંતર કરીને અન્ય

જગ્યાએ રહેતાં અરજદારોના ગીર સોમનાથ જિલ્લાના આધારો ચકાસીને તેઓને પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં કોઇ નવીન જાતિનો સમાવેશ થતો નથી. પરંતું, "મારૂ કુંભાર" જાતિના અરજદારોને પ્રમાણપત્ર મેળવવામાં પડતી મૂશ્કેલી દૂર કરવા ઠરાવ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકામથી અને તેમના નામે,

(જી.પી. પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય  સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- વિભાગના સર્વે અધિક સચિવશ્રી/ સંયુકત સચિવશ્રી/ ઉપ સચિવશ્રીઓ, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ઠરાવ્યા મુજબની જાતિનો NIC સોફ્ટવેરમાં સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ